# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૨૫ તા.૦૭-૦૩-૧૯**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી દરેક મ્યુનિ.પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે શાળાના મકાન અને કંપાઉન્ડમાં આવેલ પીવાના પાણીની અન્ડરગ્રાઉન્ડ અને ઓવરહેડ ટાંકી સફાઈની કામગીરી નીચે જણાવ્યા મુજબ કરાવવાની રહેશે.

(૧) દર ત્રણ માસે ૧(એક) વખત અન્ડરગ્રાઉન્ડ અને ઓવરહેડ ટાંકીની સફાઈ ફરજિયાત કરાવવાની રહેશે.

(૨) જે દિવસે ટાંકીઓની સફાઈ કરવાની હોય ત્યારે બાળકો અને શૈક્ષણિક સ્ટાફ માટે પીવાના પાણની વ્યવસ્થા અગાઉથી કરવાની રહેશે.

(૩) ટાંકી સફાઈની કામગીરી દરમ્યાન મુખ્ય શિક્ષક અથવા ઈ.મુખ્ય શિક્ષકશ્રીએ ફરજિયાત હાજર રહેવું. ટાંકી સફાઈ દરમ્યાન મુખ્ય શિક્ષક અથવા ઈન્ચાર્જ મુખ્ય શિક્ષકશ્રીએ પોતાની શાળાના સી.આર.સી./યુ.આર.સી.ની હાજરીમાં વિડીયોગ્રાફી કરવાની રહેશે. જે વિડીયો ડોકયુમેન્ટ આસિ.એ.ઓ. મારફત ચકાસણી કર્યાબાદ મુખ્ય શિક્ષકશ્રીએ ટાંકી સફાઈ કર્યા અંગનું પ્રમાણપત્ર કોન્ટ્રાકટરને આપવાનું રહેશે. પ્રમાણપત્રમાં અન્ડગ્રાઉન્ડ અને ઓવરહેડ ટાંકીઓની સંખ્યા ફરજિયાત દર્શાવવાની રહેશે.શાળા મકાનમાં બેસતી બધી જ શાળાના મુખ્ય શિક્ષકશ્રીએ પ્રમાણપત્રમાં સહી સિક્કા કરવાના રહેશે.

(૪) કોન્ટ્રાક્ટર જ્યારે ટાંકીઓની સફાઈ કરવા આવે તેના અગાઉ અન્ડરગ્રાઉન્ડ/ઓવરહેડ ટાંકી સંપૂર્ણપણે ખાલી રાખવી જેથી કરીને પાણી અને લાઈટનો ખોટો બગાડ થાય નહી.

(૫) ટાંકી સફાઈ દરમ્યાન ટાંકીમાંથી જે કચરો/ગંદુ પાણી બહાર કાઢવામાં આવે તેનો વ્યવસ્થિત રીતે નિકાલ કરાવવો જેથી શાળા કંપાઉન્ડમાં ગંદકી થાય નહી.

(૬) ટાંકી સફાઈ દરમ્યાન શાળામાં અભ્યાસ કરતા બાળકોને કોઈપણ પ્રકારની શારીરિક હાનિ થાય નહી તેની ખાસ કાળજી રાખવી.

(૭) શાળાના મુખ્ય શિક્ષકશ્રીએ ટાંકી સફાઈ કર્યા અંગેનુ રજિસ્ટર ફરજિયાત રીતે નિભાવવું.

તા.૭-૩-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૨૫-A તા.૦૭-૦૩-૧૯**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- Festival of Innovation and Entrepreneurship(FINE)2019 બાબત.

સંદર્ભ :- ૧. ક્રમાંક જીસીઈઆરટી/Science/૭૧૦૦-૭૨૧૬ તા.૫-૩-૧૯નો પત્ર
૨. National Innovation Foundation બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તા.૧૫-૧૮ માર્ચ ૨૦૧૯ દરમ્યાન National Innovation and Entrepreneurship(FINE)2019 નું આયોજન ગાંધીનગર મુકામે કરવામાં આવેલ છે. જેનું ઉદ્દ્ઘાટન માન.રાષ્ટ્રપતિશ્રી દ્વારા કરવામાં આવનાર છે. જેમાં સમગ્ર દેશમાંથી આવેલ grassroots Innovators ને એવોર્ડ આપવામાં આવશે. સાથે ઈનોવેટીવ પ્રોજેકટ પણ રજૂ થનાર છે. આ સાથે સંદર્ભિત પત્ર સામેલ છે. જેનો અભ્યાસ કરી જે શાળા આ ફેસ્ટીવલની મુલાકાતે જવા માંગતી હોય તેઓને તેમના મદદનીશ શાસનાધિકારીશ્રી મારફત મુખ્ય ઓફિસનાં પરામર્શમાં રહી મંજૂરી મેળવી લઈ પ્રવાસની તમામ વિગતો રજૂ કરીને મુલાકાત લઈ શકાશે.

તારીખ :- ૧૫ થી ૧૮ માર્ચ - ૨૦૧૯
સમય :- સવારે ૧૦-૦૦ થી ૫-૦૦
સ્થળ :- નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન-ઈન્ડીયા
ગ્રામભારતી, અમરાપુર, ગાંધીનગર-મહુડી રોડ,ગાંધીનગર-૩૮૨૬૫૦

તા.૭-૩-૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

सत्यमेव जयते


ક્રમાંક : જીસીઈઆરટી/ Science/૭૧૦૦-૭૧૨૬
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩-૩૯
નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
સચિવ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : : www.gcert.gujarat.gov.in

તારીખ : 05-03-2019

પ્રતિ,

પ્રાચાર્યશ્રી,

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.

વિષય: Festival of Innovation and Entrepreneurship (FINE) 2019 બાબત

સંદર્ભ: National Innovation Foundation ના તા. ૦૨/૦૩/૧૯ના પત્ર અન્વયે

શ્રીમાન,

સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે National Innovation Foundation ના તા. ૦૨/૦૩/૧૯ના પત્ર અન્વયે તા. ૧૫ -૧૮ માર્ચ ૨૦૧૯ દરમ્યાન Festival of Innovation and Entrepreneurship (FINE) 2019નું આયોજન ગાંધીનગર મુકામે કરવામાં આવેલ છે. જેનું ઉદ્ ઘાટન માન. રાષ્ટ્રપતિશ્રી દ્વારા કરવામાં આવનાર છે. જેમાં સમગ્ર દેશમાંથી આવેલ grassroots innovators ને એવોર્ડ આપવામાં આવશે સાથે ઇનોવેટીવ પ્રોજેકટ પણ રજુ થનાર છે. આ સંદર્ભે આપના જિલ્લામાં આવેલ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ દ્વારા આ ફેસ્ટીવલની મુલાકાત કરવા અંગે આપની કક્ષાએથી ડીઇઓશ્રી અને ડીપીઇઓશ્રીને જાણ થવા વિનંતી. આ સાથે National Innovation Foundation ના તા. ૦૨/૦૩/૧૯ના પત્ર સામેલ છે.

સચિવ,
જીસીઇઆરટી, ગાંધીનગર.

નકલ રવાના:

- Dr. Vipin kumar, Director,
  National Innovation Foundation, Gandhinagar.

डॉ.विपिन कुमार
निदेशक
Dr. Vipin Kumar
Director

राष्ट्रीय नवप्रवर्तन प्रतिष्ठान - भारत
विज्ञान और प्रौद्योगिकी विभाग, भारत सरकार का स्वायत्तशासी संस्थान
National Innovation Foundation - India
Autonomous Body of Department of Science & Technology, Govt. of India

Date: 2nd March 2019
No. NIF/FINE/CIO/117538

To
Dr. T.S Joshi
Director
Gujarat Council of Educational, Research & Training
Vidya Bhavan, Sector-12,
Opp. Udhyog Bhavan, Gh- 4 Circle,
Gandhinagar-382016, Gujarat

Dear Dr T S Joshi

Subject: Request to invite the students at Festival of Innovation and Entrepreneurship (FINE) 2019 – reg.

The Festival of Innovations and Entrepreneurship [FINE] is being organized at National Innovation Foundation – India (NIF), Gandhinagar, Gujarat during March 15-18, 2019. Hon'ble President of India, Shri Ramnath Kovind will inaugurate the festival and give away the awards to the grassroots innovators of the country.

FINE is country's flagship initiative towards recognizing and rewarding creativity of common man of our country. Organized by Department of Science and Technology (DST) and the National Innovation Foundation – India under the aegis of Rashtrapati Bhavan, FINE is unique effort in the sense that it promote Science, Technology and Innovation and together will bring about a cultural shift amongst citizens for profound interest in Entrepreneurship.

ग्रामभारती, गांधीनगर - महुडी रोड, अमरापुर, गांधीनगर - 382650, भारत
Grambharti, Gandhinagar-Mahudi Road, Amrapur, Gandhinagar - 382650, India
दूरभाष / Tel: +91 2764 261131/32/38/39, फैक्स / Fax: +91 22 39167115 ईमेल / E-mail: info@nifindia.org वेब / Web: www.nif.org.in

An exhibition of innovations will be one of the star attractions on the occasion besides presentation of fascinating projects by the innovators, incubators and students.

I request you to kindly invite students to all your affiliated schools, so they could witness the creativity, Innovative and Entrepreneurial spirit of people including the school students selected under Inspire Awards-Manak. Innovation Exhibition showcasing will be open to public during March 15-18, 2019 between 10:00 AM – 05:00 PM at National Innovation Foundation-India, Grambharti, Amrapur, Gandhinagar-Mahudi Road, Gandhinagar - 382650, Gujarat.

If school have any query, they could contact us via email on inspire@nifindia.org or 9638418605.

With warm regards.

Vipin Kumar

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૨૫-B તા.૦૭-૦૩-૧૯**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય : જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત શાળા કક્ષાએ બાળકોમાંથી સ્માર્ટ કિડ્ઝ ચેમ્પિયન બાળકોને પ્રોત્સાહિત કરવા બાબત**

**સંદર્ભ : ક્રમાંક SSA/MIS/20198415-8451 DT. 25/02/2019.**

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ડિજિટલ શિક્ષણ ક્ષેત્રે ગુજરાત રાજ્યની કામગીરીને વેગ આપવા માટે“જ્ઞાનકુંજ” પ્રોજેક્ટ મોડલ વિકસાવવામાં આવેલ છે. જે ટેકનોલોજીના વિવિધ સાધનો જેવા કે પ્રોજેક્ટર, ઇન્ફ્રારેડ કેમેરા લેપટોપ,સ્પીકર,વ્હાઇટબોર્ડ વગેરેની મદદથી શીખવા-શીખવવાની પ્રક્રિયા વર્ગખંડ ઈન્ટરેક્ટિવિટીમાં અભિવૃદ્ધિ કરવા માટેનો એક ડિજીટલ શિક્ષણ કાર્યક્રમ છે. જે અંતર્ગત વર્ગખંડમાં જ ટેકનોલોજીના ઉપયોગથી શીખવા-શીખવવાની પ્રક્રિયા અને મૂલ્યાંકન અને વધુ સુદ્રઢ બનાવવામાંઆવેલ છે.

આજની ડિજિટલ યુગમાં શિક્ષણક્ષેત્રે સમયોચિત નવી નવી શિક્ષણ પદ્ધતિઓ ટેક્નિક્સ તેમજ અન્ય નૂતન અભિગમો અમલી બનાવી એ તે સમયની માંગ છે. આજના યુગનો વિદ્યાર્થી વધુ ચપળ અને ટેક્નોલોજીથી વાકેફ હોય છે ત્યારે શિક્ષક પણ ટેકનોલોજીથી વાકેફ જ નહીં પરંતુ તેનાથીજાણકાર હોવો જરૂરી છે ઉપરોક્ત અપેક્ષા સિદ્ધ થઈ શકે તે હેતુથી ગુજરાત રાજ્યમાં એક નવી પહેલ ઇન્ટરેક્ટિવ વર્ગખંડ શિક્ષણકાર્ય પદ્ધતિ ‘જ્ઞાનકુંજ’1609 શાળાઓમાં અમલી બનાવવામાં આવેલ છે.તે પૈકી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ખાતે ૩૭ શાળાઓમાં “ જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અમલીકૃત છે.

ઉક્ત વર્ગખંડ પ્રક્રિયામાં શિક્ષકે પૂર્વ તૈયારી અને તાસ આયોજન કરી ટેકનોલોજીની મદદથી વર્ગખંડ કાર્ય કરાવવાનું હોય છે. જે શિક્ષકો પરંપરાગત વર્ગખંડ પ્રક્રિયામાં પહેલેથી જ કરી રહ્યા છે. જેમકે કોઈ એકમને કેટલા તાસમાં વિદ્યાર્થીઓને સમજાવવો, શરૂઆત પૂર્વ જ્ઞાન ચકાસી પ્રસ્તાવનાથી કરવી,સંકલ્પના વ્યાખ્યાયિત કરી સમજાવવી,નિદર્શન કરી પ્રવૃત્તિ કરાવવી મહાવરો કરાવવો,અને અંતે મેળવેલ સમજની ચકાસણી કરવી. જે પેડાગોજીના ભાગ તરીકે શિક્ષકો સારી રીતે જાણે છે. આ પ્રક્રિયામાં ટેકનોલોજીનું સંકલન કેવી રીતે કરવું તે બાબત શિક્ષકોની સજ્જતા માંગી લે છે. જેમકે,કયો એકમ ઈ-કન્ટેન્ટમાં કેટલા તાસમાંવહેંચાયેલો છે અને તેની ઉપરોક્ત પેડાગોજી મુજબ કેવી રીતે સમજાવવો, કોઈ સંદર્ભ સાહિત્યની મદદ લેવી કે ઈન્ટરનેટની મદદથી ડાઉનલોડ કરેલ કોઈ વિડીયો બતાવવો કે પાઠ્યપુસ્તક/ ભૌતિક રીતે સામાન્ય પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન આપવું તે બાબતોમાં પાઠ આયોજન તૈયાર હોવું આવશ્યક છે

જ્ઞાનકુંજ અમલીકરણ થી જાણવા મળેલ છે કે, શાળાઓમાં શિક્ષકો ઉપરાંત વિદ્યાર્થીઓમાંટેકનોલોજી સાધનોનો ઉપયોગ કરવાની ક્ષમતાઓનો ઉત્સુકતાવશ વિકાસ થયેલ છે તેઓ સ્વતંત્રરીતેજ્ઞાનકુંજ સેટઅપના ઘટકો અને e-content ખૂબ સારી રીતે ચલાવી શકે છે વિદ્યાર્થીઓમાં ટેકનોલોજી પ્રત્યેની આ ઉત્સુકતાને પ્રોત્સાહન આપી તેમના વિકાસ માટે અને સ્માર્ટ વર્ગખંડ પ્રક્રિયા સાથે તેમના જોડાણોને વધુ દ્રઢ બનાવવા માટે જ્ઞાનકુંજ વર્ગખંડ દીઠ 10 (દસ) બાળકોને “ Smart Kids – Champion ” તરીકે બિરદાવવાનો એક નવો

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

અભિગમ અપનાવવનું નિયત કરવામાં આવેલ છે .સદર“ Smart Kids – Champion ” નો નીચેની બાબતે સહયોગ મેળવી તેમના જ્ઞાનની નોંધ લઇ તેમને પ્રોત્સાહિત કરવાના રહેશે.

૧. વિષય શિક્ષકો આ બાળકોની મદદથી અથવા તેમની સાથે ચર્ચા કરી ટેકનોલોજીયુક્ત પેડાગોજી પગલા નિર્ધારિત કરી પાઠ આયોજન કરશે.

૨. કોઈપણ એકમના ટેકનોલોજીના માધ્યમથી વર્ગખંડમાં જરૂરી મહાવરા માટે સહાધ્યાયીઓને મદદ કરશે.

૩. આ બાળકોના જ્ઞાનની નોંધ લઇ બિરદાવવા માટે તેમને ખાસ ‘’Badge ‘’ ઇન્ટરેક્ટિવ વર્ગખંડ પ્રક્રિયામાં જોડવા સહકાર મેળવવો.

૪. કયા એકમમાં કઈ પદ્ધતિથી તમામ બાળકોને વધુ સારી રીતે સમજાય છે તે જાણી વધુ સારી રીતે વર્ગખંડ કાર્ય કરાવી શકાશે.

આમ,ઉક્ત વિગતે જ્ઞાનકુંજ અંતર્ગત સમાવિષ્ટ તમામ શાળા કક્ષાએથી મુખ્ય શિક્ષકશ્રી વર્ગખંડોનાનોડલશિક્ષકશ્રીઓ દ્વારા જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત વર્ગદીઠ 10(દસ)બાળકોને “ Smart Kids – Champion ”તરીકે ફરજિયાતપણે પસંદ કરે તેમનો વર્ગખંડ પ્રક્રિયામાં સહયોગ મેળવે તેમજ દર વર્ષે નવા 10 બાળકોને પસંદ કરી આ અભિગમ નું સુચારૂં અમલીકરણ થાય તે જોવા જણાવવામાં આવે છે.10 પસંદ કરેલ બાળકોના નામની યાદી શાળા દફ્તરે રાખવાની રહેશે.

તા.૭-૩-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

**ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ**
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર–૧૭, ગાંધીનગર.
ફોન.૦૭૯ – ૨૩૨ ૪૩૧૩૩
ફેક્સ : ૦૭૯ ૨૩૨ ૩૨૪૩૬
Email : - ssa.misdata@gmail.com
**Toll Free No.1800-233-7965**

ક્રમાંક : SSA/MIS/૨૦૧૯/ ૮૭૧૫-૮૭૫૨ તા.૨૫/૦૨/૨૦૧૯

પ્રતિ,
(૧) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ કચેરી,
જિ. તમામ
(૨) મદદનીશ જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી અને
શાસનાધિકારીશ્રી,
નગર શિક્ષણ સમિતિ,
કોર્પોરેશનઃ અમદાવાદ, રાજકોટ, સુરત

**વિષયઃ "જ્ઞાનકુંજ" પ્રોજેક્ટ અંતર્ગત શાળા કક્ષાએ બાળકોમાંથી "Smart Kids - Champion" બાળકોને પ્રોત્સાહિત કરવા બાબત.**

ડિજીટલ શિક્ષણ ક્ષેત્રે ગુજરાત રાજયની કામગીરીને વેગ આપવા માટે "જ્ઞાનકુંજ" પ્રોજેક્ટ મોડલ વિકસાવવામાં આવેલ છે. જે ટેકનોલોજીના વિવિધ સાધનો જેવા કે પ્રોજકટર, ઇન્ફ્રારેડ કેમેરા, લેપટોપ, સ્પીકર, વ્હાઇટ બોર્ડ વગેરેની મદદથી શીખવા-શીખવવાની પ્રક્રિયા અને વર્ગખંડ ઇન્ટરેક્ટિવિટીમાં અભિવૃધ્ધિ કરવા માટેનો એક ડિજીટલ શિક્ષણ કાર્યક્રમ છે. જે અંતર્ગત વર્ગખંડમાં જ ટેક્નોલોજીના ઉપયોગથી શીખવા-શીખવાવાની પ્રક્રિયા અને મુલ્યાંકનને વધુ સુદ્રઢ બનાવવામાં આવેલ છે.

આજના ડિજિટલ યુગમાં શિક્ષણ ક્ષેત્રે સમયોચિત નવી નવી શિક્ષણ પધ્ધતિઓ, ટેકનીક્સ તેમજ અન્ય નૂતન અભિગમો અમલી બનાવીએ તે સમયની માંગ છે. આજના યુગનો વિદ્યાર્થી વધુ ચપળ અને ટેક્નોલોજીથી વાકેફ હોય છે ત્યારે શિક્ષક પણ ટેક્નોલોજીથી વાકેફ જ નહિ પરંતુ તેનાથી જાણકાર હોવો જરૂરી છે. ઉપરોક્ત અપેક્ષા સિધ્ધ થઇ શકે તે હેતુથી ગુજરાત રાજ્યમાં એક નવી પહેલ ઇન્ટરેક્ટિવ વર્ગખંડ શિક્ષણકાર્ય પધ્ધતિ 'જ્ઞાનકુંજ' ૧,૬૦૯ શાળાઓમાં અમલી બનાવવામાં આવેલ છે.

ઉક્ત વર્ગખંડ પ્રક્રિયામાં શિક્ષકે પૂર્વ–તૈયારી અને તાસ આયોજન કરી ટેક્નોલોજીની મદદથી વર્ગખંડ કાર્ય કરાવવાનું હોય છે. જે શિક્ષકો પરંપરાગત વર્ગખંડ પ્રક્રિયામાં પહેલેથી કરી જ રહ્યાં છે. જેમ કે, કોઇ એકમને કેટલા તાસમાં વિદ્યાર્થીઓને સમજાવવો, શરૂઆત પૂર્વ જ્ઞાન ચકાસી પ્રસ્તાવનાથી કરવી, સંકલ્પના વ્યાખ્યાયિત કરી સમજાવવી, નિદર્શન કરી પ્રવૃત્તિ કરાવવી, મહાવરો કરાવવો અને અંતે મેળવેલ સમજની ચકાસણી કરવી. જે પેડાગોજીના ભાગ તરીકે શિક્ષકો સારી રીતે જાણે છે. આ પ્રક્રિયામાં ટેક્નોલોજીનું સંકલન કેવી રીતે કરવું તે બાબત શિક્ષકોની સજ્જતા માંગી લે છે. જેમ કે, કયો એકમ ઇ–કન્ટેન્ટમાં કેટલા તાસમાં વહેંચાયેલો છે અને તેને ઉપરોક્ત પેડાગોજી મુજબ કેવી રીતે સમજાવવો, કોઇ સંદર્ભ સાહિત્યની મદદ લેવી કે ઇન્ટરનેટની મદદથી ડાઉનલોડ કરેલ કોઇ વિડીયો બતાવવો કે પાઠ્યપુસ્તક/ભૌતિક રીતે સામાન્ય પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન આપવું તે બાબતોમાં પાઠ આયોજન તૈયાર હોવું આવશ્યક છે.

જ્ઞાનકુંજ અમલીકરણથી જાણ મળેલ છે કે, શાળાઓમાં શિક્ષકો ઉપરાંત વિદ્યાર્થીઓમાં ટેક્નોલોજી સાધનોના ઉપયોગ કરવાની ક્ષમતાઓનો ઉત્સુકતાવશ વિકાસ થયેલ છે. તેઓ સ્વતંત્ર રીતે જ્ઞાનકુંજ સેટઅપના ઘટકો અને ઇ-કન્ટેન્ટ ખુબ સારી રીતે ચલાવી શકે છે. વિદ્યાર્થીઓમાં ટેક્નોલોજી પ્રત્યેની આ ઉત્સુકતાને પ્રોત્સાહન આપી તેમના વિકાસ માટે અને સ્માર્ટ વર્ગખંડ પ્રક્રિયા સાથે તેમના જોડાણને વધુ દ્રઢ બનાવવા માટે જ્ઞાનકુંજ વર્ગખંડ દીઠ ૧૦ (દસ) બાળકોને **"Smart Kids - Champion"** તરીકે બિરદાવવાનો એક નવો અભિગમ અપનાવવાનું નિયત કરવામાં આવેલ છે. સદર **"Smart Kids - Champion"** નો નીચેની બાબતે સહયોગ મેળવી તેમના જ્ઞાનની નોંધ લઇ તેમને પ્રોત્સાહિત કરવાના રહેશે:

(૧) વિષય શિક્ષકો આ બાળકોની મદદથી અથવા તેમની સાથે ચર્ચા કરી ટેકનોલોજીયુકત પેડાગોજી પગલાં નિર્ધારિત કરી પાઠ આયોજન કરશે.

(૨) કોઇ પણ એકમના ટેક્નોલોજીના માધ્યમથી વર્ગખંડમાં જરૂરી મહાવરા માટે સહાધ્યાયીઓને મદદ કરશે.

(૩) આ બાળકોના જ્ઞાનની નોંધ લઇ બિરદાવવા માટે તેમને ખાસ **"Badge"** આપી ઇન્ટરેક્ટિવ વર્ગખંડ પ્રક્રિયામાં તમામ બાળકોને જોડવા સહકાર મેળવવો.

(૪) કયા એકમમાં કઇ પધ્ધતિથી તમામ બાળકોને વધુ સારી રીતે સમજાય છે તે જાણી વધુ સારી રીતે વર્ગખંડ કાર્ય કરાવી શકાશે.

આમ, ઉક્ત વિગતે જ્ઞાનકુંજ અંતર્ગત સમાવિષ્ટ તમામ શાળા કક્ષાએથી મુખ્ય શિક્ષકશ્રી / આચાર્યશ્રી અને વર્ગખંડોના નોડલ શિક્ષકશ્રીઓ દ્વારા જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત વર્ગખંડ દીઠ ૧૦ (દસ) બાળકોને **"Smart Kids - Champion"** તરીકે ફરજિયાતપણે પસંદ કરે, તેમનો વર્ગખંડ પ્રક્રિયામાં સહયોગ મેળવે તેમજ દર વર્ષે નવા ૧૦ બાળકોને પસંદ રી આ અભિગમનું સુચારૂ અમલીકરણ થાય તે જોવા જણાવવામાં આવે છે.

**સચિવ**
**એસ.એસ.એ, ગાંધીનગર**